આરોપી ફરાર• બોટાદના શ્રમિક પરિવારની દીકરીને બહેનની વાડીએ કામ કરવા આવેલા ધોલેરાના ભાણગઢના શખસે કુકર્મ આચર્યું

દુષ્કર્મનો ભોગ બનેલી 14 વર્ષની બાળકીના અંતિમ શબ્દો...

‘પપ્પા મે તમારી આબરૂના ડરે દવા પીધી’

ફર્સ્ટ પર્સન

દીકરી ત્રણ દિવસ જીંદગી માટે લડી પણ અંતે મોત સામે હારી ગઈ....

આરોપી પ્રતાપ રાઠોડ તેના બેનના બાળકો સાથે રમવા મારી દીકરીને બોલાવતો હતો. અમે સ્વપ્ને પણ નહોતું વિચાર્યું કે તે આમારી ફૂલ જેવી માસૂમ દીકરી સાથે આ કૃત્ય કરશે. 17 એપ્રિલે રાત્રે દીકરીની બૂમ હજુ મારા કાનમાં ગુંજે છે. મે પૂછ્યું બેટા શું થયું તો તેના શબ્દો હતા. પપ્પા મે તમારી આબરુ બચાવવા કપાસમાં નાખવાની દવા પીધી છે. બાજુની ઓરડીમાં રહેતા પ્રતાપે મારી સાથે દુષ્કર્મ આચર્યું. આટલું બોલ્યા બાદ અવાજ નીકળવાનો બંધ થઇ જતાં પ્રથમ બોટાદ સોનાવાલા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા. જ્યાં મેડિકલ ઓફિસરે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ભાવનગર લઈ જવાનું જણાવતા સગીરાને ભાવનગર સર્ટી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. 3 દિવસ ભાવનગર હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઇ મારી દીકરીએ અંતિમ શ્વાસ લીધા. આરોપીને કડકમાં કડક સજા થવી જોઇએ. ▪ **મૃતકના પિતા**

ભાસ્કર ન્યૂઝ | બોટાદ

બોટાદના એક ગામમાં મજૂરી કામ કરતા આવેડની 14 વર્ષીય સગીરા વીસેક દિવસ પહેલા વાડીએ પોતાના ઘરે એકલી હોય ત્યારે બાજુની વાડીમાં રહેતાં ધોલેરાના ભાણગઢના શખસે બળજબરી પૂર્વક બળાત્કાર કરી કોઈને કહેવાની ના પાડેલ. જેથી આબરૂ જવાની બીકે સગીરાએ કપાસમાં છાંટવાની દવા પી લેતા સારવાર દરમિયાન સગીરાનું મોત નીપજ્યું હતું.



આરોપી પ્રતાપ ચંદુભાઈ રાઠોડ

બોટાદ જિલ્લામાં ખેતીની જમીન ભાગવી રાખી મજૂરી કામ કરતા આવેડ તથા તેનો પરિવાર 16 એપ્રિલ 26ના સાંજના સમયે વાળું પાણી કરીને સુઈ ગયેલ અને 17 એપ્રિલ 26 ના મૂડી રાત્રિના બે થી અઢી વાગ્યા ના સમય દરમિયાન 14 વર્ષીય સગીરા એકદમ રાડો પાડવા લાગેલ જેથી સગીરાના પિતા અને માતા જાગી ગયેલ. અને પૂછપરછ કરતા સગીરાએ જણાવ્યું હતું કે મેં કપાસમાં છાંટવાની દવા પી લીધેલ છે. દવા પીવાનું કારણ પૂછતા સગીરાએ જણાવેલ કે આજથી વીસેક દિવસ પહેલા 29 માર્ચ 26 ના સગીરા ના પિતા ભાવનગર દવાખાને ગયેલ અને સગીરા ઘરે એકલી હતી એ વખતે તેમની વાડીની બાજુએ અવારનવાર આંટો મારવા આવતા આરોપી પ્રતાપભાઈ ચંદુભાઈ રાઠોડ રહે, ભાણગઢ જીલ્લો અમદાવાદ વાળાએ સગીરાને એકલી જોઈ ભાગવી રાખેલ વાડીએ પકડીને પરાણે બળજબરીથી બળાત્કાર કરે અને કોઈને કહેવાની ના પાડેલ હોય જેથી ઈજ્જત આબરૂ જવાની બીકે મેં ઝેરી દવા પીધી પી લીધેલ છે.

બોટાદ સોનાવાલા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવેલ જ્યાં મેડિકલ ઓફિસર એ પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ભાવનગર લઈ જવાનું જણાવતા સગીરાને ભાવનગર સર્ટી હોસ્પિટલમાં સાર વાર માટે લઈ જવામાં આવેલ જ્યાં 19 એપ્રિલ 26એ સગીરાનુ મોત નીપજયું હતું. આરોપી પ્રતાપ ચંદુભાઈ રાઠોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પીઆઈ વી.એલ.સાકરીયાએ તપાસ કરી છે.

આરોપીને પકડવા પોલીસે 4 ટીમ બનાવી પણ હાથ ન લાગ્યો

રોહીશાળા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગુલાબભાઈએ જણાવ્યું હતું કે, આરોપી 7 મહિનાથી અહીં ખેતીકામ અર્થે આવ્યો હતો. પીઆઈ વી . એલ. સાકરીયા તથા ટીમ દ્વારા ભાણગઢ આરોપીના ઘરે તપાસ કરાઇ હતી. પરંતુ આરોપી હાજર મળી આવેલ નહીં હાલ પોલીસ તપાસ શરૂ છે.

ભાવનગર રિફર કરવામાં આવી હતી

17 એપ્રિલ 2026 ના રાત્રિના ચાર વાગ્યાની આસપાસ 108 એમ્બ્યુલન્સમાં સગીરાને લાવવામાં આવી હતી. ઉલ્ટી ચાલુ હતી બોલી શકે તેવી સ્થિતિમાં ન હતી. શું કીધું હતું તેનો ખ્યાલ નથી. એમ્બ્યુલન્સમાં બોટલ ચડાવેલી હતી જે રેગ્યુલર રાખવાની હતી તેમજ ઈન્જેક્શનનો આપેલ. અને વધુ સારવાર છે તેને રિફર કરવામાં આવે તેમ જણાવ્યું હતું. ▪ **ડૉ. હેત્વી, બોટાદ સોનાવાલા હોસ્પિટલ**

બોટાદ ભાજપમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ 4 સભ્યો 6 વર્ષ માટે સસ્પેન્ડ

અપક્ષ, ‘આપ’માંથી ફોર્મ ભરતાં પક્ષમાંથી બહાર

ભાસ્કર ન્યૂઝ | બોટાદ

બોટાદ શહેર ભાજપના પ્રાથમિક સભ્ય, સક્રિય સભ્ય તરીકેની જવાબદારી વહન કરતા છત્રજીતભાઈ મહેન્દ્રભાઈ ધાધલ સ્થાનિક સ્વરાજ્ય ચુંટણીમાં ભાજપા વિરુદ્ધ જઈ અને બોટાદ નગરપાલિકાની ચુંટણીમાં પાર્ટીના ઉમેદવાર સામે અપક્ષમાંથી ફોર્મ ભરી અને પક્ષ વિરુદ્ધની પ્રવૃત્તિ કરવા બદલ ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દા પરથી છ વર્ષ સુધી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

જ્યારે રાણપુર તાલુકા સક્રિય સભ્ય વિજયભાઈ રણછોડભાઈ ઘાઘરેટીયા કે, જેઓએ રાણપુર તાલુકામાંથી બોટાદ જીલ્લા પંચાયતની ચુંટણીમાં પાર્ટીના ઉમેદવાર સામે અપક્ષ માંથી ફોર્મ ભરી અને પક્ષ વિરુદ્ધની પ્રવૃત્તિ કરવા બદલ અને રેણુકાબેન જસુભાઈ સવાણી અને જસુભાઈ સવાણી મંત્રી, ગઢડા તાલુકા / સક્રિય કાર્યકર, ગઢડા તાલુકા ભાજપના મંત્રી તરીકેની જવાબદારી વહન કરતા હોય સ્થાનિક સ્વરાજ્ય ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ જઈ અને ગઢડા તાલુકા પંચાયતની ચુંટણીમાં પાર્ટીના ઉમેદવાર સામે આમ આદમી પાર્ટીમાંથી પતિ જસુભાઈએ ફોર્મ ભરી અને પક્ષ વિરુદ્ધની પ્રવૃત્તિ કરવા બદલ બંનેને બોટાદ જીલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ દ્વારા ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દા પરથી 6 વર્ષ સુધી સસ્પેન્ડ કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામેલ છે. જેથી સ્થાનિક રાજકારણ ગરમાયું છે.

---

10 દિવસના રિમાન્ડની માંગ સામે 2 દિવસનો રિમાન્ડ મંજૂર

ધંધુકા ધર્મેશ ગમારા હત્યા કેસમાં આરોપીઓ કોર્ટમાં રજૂ કરાયા

ભાસ્કર ન્યૂઝ | ધંધુકા

ધંધુકા શહેરમાં બનેલી ધર્મેશ ગમારા હત્યા કેસને લઈને પોલીસે ઝડપી કાર્યવાહી કરતા મુખ્ય આરોપીઓને ઝડપી પાડી આજે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે ધંધુકા કોર્ટમાં રજૂ કર્યા હતા. ઘટના બાદ શહેરમાં સર્જાયેલા તણાવપૂર્ણ માહોલને ધ્યાનમાં રાખીને કોર્ટ પરિસર તથા આસપાસના વિસ્તારોમાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

પોલીસ દ્વારા કોર્ટ સમક્ષ રજૂઆત દરમિયાન આરોપીઓ પાસેથી વધુ પૂછપરછ, સાબિતીઓ એકત્રિત કરવા તેમજ સમગ્ર ઘટનાક્રમની ઊંડાણપૂર્વક તપાસ માટે 10 દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. પોલીસનું માનવું હતું કે, આ કેસમાં સંડોવાયેલા અન્ય તત્વો, હથિયારની ઉપલબ્ધતા તેમજ ઘટનાના મૂળ કારણો સુધી પહોંચવા માટે લાંબા રિમાન્ડની જરૂરિયાત છે. જો કે, કોર્ટ દ્વારા બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ હાલ પ્રાથમિક તબક્કે માત્ર 2 દિવસના રિમાન્ડને મંજૂરી આપવામાં આવી છે.

આ દરમિયાન પોલીસે આરોપીઓની કડક પૂછપરછ કરીને કેસના મહત્વપૂર્ણ તાર મળવાની શક્યતા વ્યક્ત કરી છે.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા ધંધુકા શહેરમાં સામાન્ય લાગતી બોલાચાલી અને વિવાદ હિંસક સ્વરૂપ ધારણ કરતા ધર્મેશ ગમારાની નિર્દય હત્યા કરવામાં આવી હતી. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને ચિંતા ફેલાવી દીધી હતી, જેના પગલે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર તાત્કાલિક સક્રિય બન્યું હતું.

આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા બાદ પોલીસે તેમનું સરઘસ કાઢ્યું હતું, જે દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પણ સતત પેટ્રોલિંગ અને નજર રાખવામાં આવી રહી છે.

હાલ પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીઓ પાસેથી મહત્વપૂર્ણ માહિતી મેળવવાની દિશામાં તપાસ આગળ ધપાવી રહી છે. આગામી દિવસોમાં આ કેસમાં વધુ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત અને બહુમાળી સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો

ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને 100થી વધુ વિસ્તારોમાં પોલીસ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા હતા, જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને. આરોપીઓને કોર્ટમાં રજૂ કરતી વખતે પણ સુરક્ષા વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવી હતી. 50થી વધુ પોલીસકર્મીઓ તેમજ એસઆરપીની બટાલીયન સાથે કડક બંદોબસ્ત વચ્ચે સરઘસ સ્વરૂપે આરોપીઓને કોર્ટ સુધી લઈ જવામાં આવ્યા હતા. હાલ પણ શહેરમાં સ્થિતિ પર નિયંત્રણ જાળવવા માટે 11 પીઆઈ અને 15 થી 20 પી.એસ.આઈ ધંધુકામાં ખડે પગે તૈનાત છે. પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સતત નજર રાખવામાં આવી રહી છે.

વિરમગામ- નળસરોવર હાઈવે પર જીવલેણ અકસ્માત સર્જાયો

વસવેલીયા-વનથળ ગામ વચ્ચે ટ્રેલર સાથે બાઈક અથડાતા યુવાનનું મોત

ભાસ્કર ન્યૂઝ | વિરમગામ

વિરમગામ તાલુકાના નળસરોવર હાઈવે પર સોમવારની સવાર દુઃખદ બની રહી હતી, જ્યારે વસવેલીયાથી વનથળ ગામ વચ્ચે ટ્રેલર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં લીંબડ ગામના રહેવાસી હિતેશ હેમંતભાઈ સેનવા (ઉંમર 20 વર્ષ)ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

અકસ્માત એટલો ભયાનક હતો કે, આસપાસના લોકો દોડી આવ્યા, પરંતુ યુવાનને બચાવી શકાયો નહોતો. ઘટનાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પીએમ માટે વિરમગામ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે વિરમગામ ગ્રામ્ય પોલીસ દ્વારા ટ્રેલર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અકસ્માતના કારણોની વધુ તપાસ ચાલી રહી છે.

આ અંગે સ્થાનિક જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે, નળ સરોવર વિસ્તારમાં અકસ્માતના બનાવમાં વધારો થયો છે. યુવાનો દ્વારા પુરપાટ ઝડપે દોડાવાતા બાઈક પણ કારણભૂત છે. જીવના જોખમે વાહન ન ચલાવી સાવચેતીપુર્વક વાહન ચલાવી આપણી અને અન્યોની જિંદગી જોખમમાં ન મુકીએ.આ રોડ પર સતત વધતા અકસ્માતો ચિંતાજનક છે, તંત્રએ સુરક્ષા પગલાં લેવા જરૂરી છે.

શ્રી મહાત્મા હાઈસ્કૂલ ખાતે પ્રિસાઈડીંગ-પોલીંગ સ્ટાફને તાલીમ અપાઈ

માંડલમાં ચૂંટણી માટે તંત્ર સજ્જ : 77 બૂથ ઉપર 150થી વધુ EVM સાથે મતદાનની તૈયારી પૂર્ણ

ભાસ્કર ન્યૂઝ | માંડલ

માંડલ ખાતે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને અનુલક્ષીને વહીવટી તંત્ર દ્વારા આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે હેતુથી શ્રી મહાત્મા હાઈસ્કૂલ ખાતે પ્રિસાઈડીંગ અને પોલીંગ ઓફિસરો માટે વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્મચારીઓને ઈવીએમ (EVM) ના સંચાલન, ઉમેદવારોના નામ-ચિન્હોની ગોઠવણી અને પ્રાયોગિક મોકડ્રિલ દ્વારા ઝીણવટભરી સમજ આપવામાં આવી હતી.

માંડલ તાલુકામાં જિલ્લા પંચાયતની 2 અને તાલુકા પંચાયતની 16 બેઠકો માટે કુલ 77 બૂથો પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. દરેક મતદારે જિલ્લા અને તાલુકા એમ બે ઉમેદવારોને મત આપવાના હોવાથી 150થી વધુ ઈવીએમ મશીનોનો ઉપયોગ કરવામાં આવશે.

સુરક્ષાના ભાગરૂપે મહાત્મા હાઈસ્કૂલ ખાતે બે મજબૂત સ્ટ્રોંગરૂમ તૈયાર કરી મશીનોને સીલ કરવામાં આવ્યા છે. મતદાનના દિવસે ટેકનિકલ ખામી નિવારવા રિઝર્વ મશીનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી તરફ, મામલતદાર કચેરી ખાતે સરકારી કર્મચારીઓ અને પોલીસ સ્ટાફ માટે પોસ્ટલ બેલેટની કામગીરી પણ વેગવંતી બની છે.

ચૂંટણી ગણિત અને તૈયારીઓ એક નજરે

- **કુલ બૂથ :** 16 તાલુકા અને 2 જિલ્લા બેઠકો માટે 77 મતદાન મથકો.
- **EVM વ્યવસ્થા :** 150થી વધુ મશીનો અને જરૂરિયાત મુજબ રિઝર્વ મશીનો તૈયાર.
- **સ્ટ્રોંગરૂમ :** મહાત્મા હાઈસ્કૂલ ખાતે ચુસ્ત સુરક્ષા વચ્ચે બે સીલબંધ સ્ટ્રોંગરૂમ.
- **તાલીમ :** કર્મચારીઓને મોકડ્રિલ દ્વારા ઈવીએમ અને મતદાન પ્રક્રિયાની પ્રેક્ટિકલ સમજ.
- **પોસ્ટલ બેલેટ :** ફરજ પરના કર્મચારીઓ માટે મામલતદાર કચેરી ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

ધંધુકામાં AAP તા. પ્રમુખ સહિતના આગેવાનો કોંગ્રેસમાં

ભાસ્કર ન્યૂઝ | ધંધુકા

ધંધુકા તાલુકામાં ચૂંટણી પૂર્વે રાજકીય ગતિવિધિઓએ જોર પકડ્યું છે. વિવિધ પક્ષોના અગ્રણીઓ દ્વારા પક્ષપલ્ટાની ઘટનાઓ સામે આવી રહી છે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં નવી સમીકરણો રચાઈ રહ્યા છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીમાંથી કાર્યકરો કોંગ્રેસમાં જોડાતા રાજકીય વાતાવરણ ગરમાયું છે.

આમ આદમી પાર્ટીના ધંધુકા તાલુકા પ્રમુખ અરવિંદ ડેરવાણીયાએ કોંગ્રેસમાં સત્તાવાર રીતે પ્રવેશ કર્યો હતો.

કોંગ્રેસનો ખેસ ધારણ કરીને તેમણે પક્ષમાં જોડાણ કર્યું અને જણાવ્યું કે, તેઓ કોંગ્રેસની વિચારધારા, નીતિઓ અને જનહિતના કાર્યક્રમોથી પ્રેરાઈ આ નિર્ણય પર આવ્યા છે. તેમના આ નિર્ણયને સ્થાનિક રાજકારણમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. આ સાથે જ ભાજપ યુવા મોરચાના આગેવાનો પ્રવીણ ડેડાણીયા, સુરેશ પઢાર અને ભવાન જાદવ સહિત અન્ય કાર્યકરો પણ મોટી સંખ્યામાં કોંગ્રેસમાં જોડાયા હતા.

અનુસંધાન પાના નં. 1 ઉપરનું

પિતા પશુબલિ...

શરૂઆતમાં, પરિવારે કોઈ કાર્યવાહી કર્યા વિના જ પુત્રના મૃતદેહને કબ્રસ્તાનમાં દફનવિધિ કરી દીધી હતી. પરંતુ સમગ્ર બનાવમાં માસુમ બાળકની નિર્મમ હત્યા થઇ હોવાનો ધડાકો થતા ચકચાર ફેલાઇ હતી. અંદાજે બાર દિવસ પછી ધ્રાંગધ્રા સિટી પોલીસ મથકે લેખિત ફરિયાદ થતા તાંત્રીક મહિલા રેહાનાબેનેની ધરપકડ કરાઇ હતી. નોંધનીય છેકે, કાર્તિકની પરિવારજનોએ 7 કલાક સુધી કોઇ ભાળ ન મળતાં તાંત્રિકની ઘર પાસે નકૂચો મારી બંધ કરેલી ટાંકી ખોલાવી હતી. જેમાંથી મૃતદેહ મળતાં ઘરના સભ્યોએ તાંત્રિક વિધીથી હજુ નુકસાન કરશે તેવા ડરે બાળકને દફનાવી દીધો હતો. આજેપણ ઘરના પરિવારજનો ફરાર છે. ધ્રાંગધ્રા પીઆઇએ જણાવ્યું હતું કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચુકારણ બહાર આવશે.

જિલ્લા પંચાયતમાં...

મૂળી +8,364 અને સાયલા +6,842 તાલુકામાં નોંધપાત્ર વધારો થયો છે. દસાડા, ચુડા, લખતર, થાન અને ચોટીલામાં પણ નવા મતદારો ઉમેરાયા છે.શહેરી વિસ્તારોમાં ગાબડું આશ્ચર્યજનક રીતે સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં 8,284 મતદારો ઘટ્યા છે. તે જ રીતે ધ્રાંગધ્રા -5,987 અને લીંબડી -4,409 નગરપાલિકામાં પણ મોટો ઘટાડો નોંધાયો છે.

દાખલારૂપ સજા...

તેમની મરજી વગર દુષ્કર્મ કરતો ગુનો કર્યો હતો. ભોગ બનનાર સગીર વયના હોવાનું બહાર આવ્યું હતું. આથી ફરિયાદના આધરે આરોપીને ઝડપી પડાયા હતા. આ અંગે કેસ સુરેન્દ્રનગર સ્પેશિયલ પોક્સો અદાલતમાં કેસ ચલાવાયો હતો. જેમાં સરકારી વકીલ પી.જી. રાવલે આ પ્રકારના ગુનાઓમાં સમાજમાં દાખલારૂપ સજા કરવા દલીલ કરી હતી. જ્યારે પુરાવા સહિતને ધ્યાને લઇ સ્પેશિયલ જજ (પોક્સો) નરેશભાઇ જી. શાહે આરોપી ચેતન ઉર્ફે કાળુ ગોરધનભાઇ ગાંગડીયાએ રહે સુરેન્દ્રનગર 20 વર્ષની કેદની સજા ફટકારી હતી. જ્યારે મદદગારી કરનાર જયંતીભાઇ લાલજીભાઇ સાબરીયા તથા નીતાબેન જયંતીભાઇ સાબરીયાને પુરાવાના અભાવે છોડીમુકવા હુકમ કરાયો હતો.

ડિગ્સર તળાવની...

પરંતુ નાયબ કલેક્ટરે ખેડૂતો સાથે સંવાદ સાધી પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જ કે કેમિકલ મુક્ત ખેતીથી ગંભીર રોગોથી બચી શકાય છે. સાથોસાથ ગામનો કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. નાયબ કલેક્ટરની આ આકસ્મિક મુલાકાતથી ગ્રામ્ય સ્તરે સરકારી કામગીરીમાં વેગ આવશે અને ખેડૂતોના પડતર પ્રશ્નોનો વહેલી તકે નિકાલ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ધંધુકા પાસેના પેશવાકાલીન સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરે ગણેશ ચતુર્થીની ઉજવણી કરાઇ

ધંધુકા | ધંધુકા ખાતે આવેલ પેશવા કાલીન સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર ખાતે ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિ દાદાને શણગાર કરાયો હતો ગણેશ ચતુર્થીની ઉજવણી કરાઈ હતી તથા વિશેષ આરતી પણ કરાઈ હતી.

નામ બદલાવેલ છે.

અમો વાળંદ અન્નપૂર્ણાબેન અશોકભાઈ અગાઉ શર્મા અન્નપૂર્ણાબેન અશોકભાઈ ના નામથી ઓળખાતા હતા. અને અમો એ અમારૂ નામ શર્મા અન્નપૂર્ણાબેન અશોકભાઈ માંથી બદલીને વાળંદ અન્નપૂર્ણાબેન અશોકભાઈ કરેલ છે.

સરનામુ : પ્લોટ નં ૪૪/૧૩-૨, [illegible], રાજકોટ બાયપાસ રોડ, [illegible] પેટ્રોલ પંપ સામે, રતનપર - 363020 સુરેન્દ્રનગર, ગુજરાત.

નામ બદલેલ છે

હું કલ્પના ગોકલદાસ ભીંડોરા ઉપરોક્ત લગ્ન પહેલાનું નામ. લગ્ન બાદ મારૂ નવું નામ કલ્પનાબેન અશોકકુમાર જોબનપુત્રા રાખેલ છે.

લક્ષ્મીનગર, નિકુંજ સોસાયટી, બ્લોક નં.૧૧ સામે, પાણીની ટાંકી સામે, રતનપર, સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦

નામ બદલાવેલ છે.

અમો હિંગરાજીયા હાર્દિક ચંદુભાઈ અગાઉ હિંગરાજીયા હાર્દિક ચંદુભાઈ નામથી ઓળખાતા હતા.
અને અમો એ અમારૂ નામ હિંગરાજીયા હાર્દિક ચંદુભાઈ માંથી હિંગરાજીયા હાર્દિક ચંદુભાઈ કરેલ છે

સરનામું : ૩૧, ગોકુલધામ સોસાયટી, નવા જંક્શન રોડ, સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૧

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર જીતેન્દ્ર આર.પારેજીયા, એડવોકેટ, હળવદ તે અમારા અસીલશ્રી [illegible]

[illegible]

સ્થળ:હળવદ,
તા:૨૦/૦૪/૨૦૨૬.

અમારા અસીલની સુચનાથી, મારી મારફત

જે. આર. પારેજીયા (એડવોકેટ એન્ડ નોટરી)

ઓફીસ: જુની મામલતદાર ઓફીસ સામે, મુ.તા:હળવદ, જી:મોરબી. મો.૯૮૪૯૨ ૩૬૬૦૨

જાહેર નોટીસ

હું, નીચે સહી કરનાર વકીલ શ્રી, જૈમીન વિ. જાની (એડવોકેટ) મારા અસીલ ની મળેલી સુચના અનુસાર આ જાહેર નોટીસ થી જાહેર જનતાને જાણ કરું છું.

[illegible]

તા. ૨૦-૦૪-૨૦૨૬

અમારા અસીલની સુચનાથી

જૈમીન વિ. જાની (એડવોકેટ)

એડ્રેસ : જુની કોર્ટની પાછળ, ટીકર રોડ, હળવદ, જી.મોરબી. મો. 93288 29400

ગુજરાત ગ્રામીણ બેંક
GUJARAT GRAMIN BANK
Scheduled Bank Owned by Government

રીજીયોનલ ઓફિસ, સુરેન્દ્રનગર :
પહેલો માળ, રુદ્રાક્ષ કોમ્પ્લેક્સ, હ્યુન્ડાઈ શો રૂમ ઉપર, વઢવાણ રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧

બેંકની રાજપરા-ચોટીલા બ્રાન્ચ ગામ રાજપરા- ચોટીલા, તા ચોટીલા, જિ. સુરેન્દ્રનગર શાખા માટે લીઝ / ભાડેથી મકાન જોઇએ છે

ગુજરાત ગ્રામીણ બેંક તેની રાજપરા-ચોટીલા બ્રાન્ચ (ગામ: રાજપરા, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર) માટે રાજપરા ગામમાં મેઈન બજાર / રોડ પર લીઝ / ભાડે પેટે [illegible] **અંદાજીત ૧૨૦૦ થી ૧૫૦૦ ચો. ફૂટ** [illegible] મકાનમાલિકો/પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. [illegible] **તારીખ ૧૨.૦૫.૨૦૨૬ સમય સાંજે ૫.૦૦** સુધીમાં મળી જાય તેમ મંગાવવામાં આવે છે. **ટેકનીકલ** તથા **પ્રાઈઝ બીડ** અલગ અલગ કવરમાં મોકલવાની રહેશે અને કવર ઉપર **"બેંકની રાજપરા બ્રાન્ચ માટે જગ્યા ભાડે આપવા માટેની અરજી (ટેકનીકલ/ પ્રાઈઝ બીડ)"** તેવું સ્પષ્ટ અક્ષરોમાં લખવું તથા બંને બીડ ઉપર બીડર પોતાના નામ તથા પુરૂ સરનામું અને મોબાઈલ નંબર લખવા.

સરકારી સંસ્થા અથવા PSU સંસ્થાઓ દ્વારા પણ અરજી કરી શકાશે.

વધુ માહિતી માટે, બેંકની વેબસાઈટ https://www.ggb.bank.in/tenders.php ની મુલાકાત લેવી.

કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ અથવા તમામ ઓફર મંજૂર અથવા નામંજૂર કરવાનો અબાધિત અધિકાર બેંક પાસે રહેશે.

તારીખ : ૨૧.૦૪.૨૦૨૬
સ્થળ : સુરેન્દ્રનગર

ક્ષેત્રીય પ્રબંધક,
ગુજરાત ગ્રામીણ બેંક, સુરેન્દ્રનગર ક્ષેત્ર

ગુજરાત ગ્રામીણ બેંક
GUJARAT GRAMIN BANK
Scheduled Bank Owned by Government

રીજીયોનલ ઓફિસ, સુરેન્દ્રનગર :
પહેલો માળ, રુદ્રાક્ષ કોમ્પ્લેક્સ, હ્યુન્ડાઈ શો રૂમ ઉપર, વઢવાણ રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧

બેંકની રામપરા બ્રાંચ, મુ. રામપરા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર શાખા માટે લીઝ / ભાડેથી મકાન જોઇએ છે

ગુજરાત ગ્રામીણ બેંક તેની રામપરા બ્રાન્ચ (ગામ: રામપરા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર) માટે રામપરા ગામમાં મેઈન બજાર / રોડ પર લીઝ / ભાડે પેટે [illegible] **અંદાજીત ૧૨૦૦ થી ૧૫૦૦ ચો. ફૂટ** [illegible] મકાનમાલિકો/પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. [illegible] **તારીખ ૧૨.૦૫.૨૦૨૬ સમય સાંજે ૫.૦૦** સુધીમાં મળી જાય તેમ મંગાવવામાં આવે છે. **ટેકનીકલ** તથા **પ્રાઈઝ બીડ** અલગ અલગ કવરમાં મોકલવાની રહેશે અને કવર ઉપર **"બેંકની રામપરા બ્રાન્ચ માટે જગ્યા ભાડે આપવા માટેની અરજી (ટેકનીકલ/ પ્રાઈઝ બીડ)"** તેવું સ્પષ્ટ અક્ષરોમાં લખવું તથા બંને બીડ ઉપર બીડર પોતાના નામ તથા પુરૂ સરનામું અને મોબાઈલ નંબર લખવા.

સરકારી સંસ્થા અથવા PSU સંસ્થાઓ દ્વારા પણ અરજી કરી શકાશે.

વધુ માહિતી માટે, બેંકની વેબસાઈટ https://www.ggb.bank.in/tenders.php ની મુલાકાત લેવી.

કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ અથવા તમામ ઓફર મંજૂર અથવા નામંજૂર કરવાનો અબાધિત અધિકાર બેંક પાસે રહેશે.

તારીખ : ૨૧.૦૪.૨૦૨૬
સ્થળ : સુરેન્દ્રનગર

ક્ષેત્રીય પ્રબંધક,
ગુજરાત ગ્રામીણ બેંક, સુરેન્દ્રનગર ક્ષેત્ર

ગુજરાત ગ્રામીણ બેંક
GUJARAT GRAMIN BANK
Scheduled Bank Owned by Government

રીજીયોનલ ઓફિસ, સુરેન્દ્રનગર :
પહેલો માળ, રુદ્રાક્ષ કોમ્પ્લેક્સ, હ્યુન્ડાઈ શો રૂમ ઉપર, વઢવાણ રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧

બેંકની હળવદ શાખા, હળવદ, તા. હળવદ, જિ. મોરબી. શાખા માટે લીઝ / ભાડેથી મકાન જોઇએ છે

ગુજરાત ગ્રામીણ બેંક તેની હળવદ શાખા (ગામ: હળવદ, તા. હળવદ, જી. મોરબી) માટે **હળવદ, જિ. મોરબી. વિસ્તાર બસ સ્ટેન્ડથી સરા નાકા અથવા રેલ્વે સ્ટેશન રોડ પર લીઝ/ભાડે પેટે** [illegible] **અંદાજીત ૧૫૦૦ થી ૨૦૦૦ ચો. ફૂટ** [illegible] મકાનમાલિકો/પાવર ઓફ એટર્ની હોલ્ડર પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. [illegible] **તારીખ ૧૨.૦૫.૨૦૨૬ સમય સાંજે ૫.૦૦** સુધીમાં મળી જાય તેમ મંગાવવામાં આવે છે. **ટેકનીકલ** તથા **પ્રાઈઝ બીડ** અલગ અલગ કવરમાં મોકલવાની રહેશે અને કવર ઉપર **"બેંકની હળવદ શાખા માટે જગ્યા ભાડે આપવા માટેની અરજી (ટેકનીકલ/ પ્રાઈઝ બીડ)"** તેવું સ્પષ્ટ અક્ષરોમાં લખવું તથા બંને બીડ ઉપર બીડર પોતાના નામ તથા પુરૂ સરનામું અને મોબાઈલ નંબર લખવા.

સરકારી સંસ્થા અથવા PSU સંસ્થાઓ દ્વારા પણ અરજી કરી શકાશે.

વધુ માહિતી માટે, બેંકની વેબસાઈટ https://www.ggb.bank.in/tenders.php ની મુલાકાત લેવી.

કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ અથવા તમામ ઓફર મંજૂર અથવા નામંજૂર કરવાનો અબાધિત અધિકાર બેંક પાસે રહેશે.

તારીખ : ૨૧.૦૪.૨૦૨૬
સ્થળ : સુરેન્દ્રનગર

ક્ષેત્રીય પ્રબંધક,
ગુજરાત ગ્રામીણ બેંક, સુરેન્દ્રનગર ક્ષેત્ર